# સરડોઈ હાઈસ્કૂલ ધોરણ-૮માં ચાલુ પીરીયડે પોપડો પડતા ૫ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત

મોડાસા,તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના સરડોઈ ગામની હાઈસ્કૂલમાં બુધવારે બપોરના ચાલુ પીરીયડમાં ધાબાની છત પરથી પોપડો નીચે પડતા

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ મોડાસા તાલુકાના સરડોઈ ગામની શ્રી એ.એમ. શાહ હાઈસ્કૂલમાં શુક્રવારના રોજ ધાબા પરની છત પરથી પોપડો પડતા ૫ થી વધુ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત બન્યા



ધોરણ-૮માં અભ્યાસ કરતા ૫ વિદ્યાર્થીઓના શરીરે ઈજાઓ પહોંચતા તમામ પાંચેય વિદ્યાર્થીઓને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મેઢાસણ રેફરલ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. ૫ વિદ્યાર્થીઓને ઓપીડી સારવાર આપી તેમના વાલીઓને સોંપી દેવાયા હતા. ધાબાની છતનો પોપડાથી વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત બનવાની ઘટનાથી હાઈસ્કૂલ કંપાઉન્ડમાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

હતા. ધો. ૮ના ક્લાકમાં શુક્રવારે બપોરે વિદ્યાર્થીઓને શિક્ષક અભ્યાસ કરાવતા હતા ત્યારે અચાનક ઉપરથી પોપડો વિદ્યાર્થીઓ ઉપર પડતા અફડાતફડી મચી ગઈ હતી. ધો. ૮માં અભ્યાસ કરતા મહાવીરસીંહ એસ. રહેવર, ચૌહાણ કેવલ એમ., ડામોર સુરમલ એમ., ડામોર જીગ્નેશ વી., ભરવાડ ભાવેશ પી. નામના વિદ્યાર્થીઓ પર પોપડો પડતા શરીરના તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતા તમામ ૫ વિદ્યાર્થીઓને સારવાર અર્થે ખસેડાયા હતા.

# મોડાસામાં ગંદકીથી ખદબદતા જાહેર શૌચાલયો

## મોડાસાના જાહેર શૌચાલયો ગંદકીથી ખદબદતા લોકો જાહેરમાં શૌચક્રિયા કરવા મજબૂર બન્યા : શૌચાલયો દેશી દારૂ અને વિદેશી શરાબ પીવાના ઠેકાણા

મોડાસા, તા. ૭

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મોડાસા શહેરમાં જાહેરમાં જતા શૌચક્રિયા મુક્ત જાહેર કરાતા મોડાસા નગરપાલિકા તંત્ર અને વહીવટી અધિકારીઓની સરાહના કરવામાં આવી રહી છે. બીજીબાજુ તેનાથી તદ્દન વિપરીત પરિસ્થિતિ મોડાસા નગરપાલિકા દ્વારા ગંદકી અટકાવવા અને પ્રજાજનો બહાર શૌચક્રિયા ન કરે તે માટે બનાવેલા જાહેર શૌચાલયના મોટાભાગના સંકુલો ખંડેર જેવી હાલત અને ગંદકીથી ખબદબદતા જોવા મળી રહ્યા છે. પ્રજાજનોને શૌચાલયોની ગંદકીથી જાહેરમાં શૌચક્રિયા કરવા જવા મજબૂર બનવુ પડ્યુ છે. નગરપાલિકાતંત્ર દ્વારા ફક્ત શૌચાલયો બનાવી શૌચક્રિયા મુક્ત જાહેરાત શહેર બનવાના બદલે શહેરમાં ગંદકીના ખડકલા ખડકાયેલા શૌચાલયો દ્વારા સફાઈ કરી, શૌચાલયની અંદર અને બહારની બાજુએ રીપેર કરી લોકોના પ્રશ્નોને ઉકેલ લાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠીછે.

મોડાસા નગરપાલિકા દ્વારા નગરપાલિકાના દરેક વિસ્તારમાં શૌચાલયો બનાવી ગાઈ ગવાડીને શૌચાલયો જાહેર જનતા માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા અને શૌચાલયના ઉદ્ઘાટન કાર્યક્રમ પણ નગરપાલિકાતંત્ર દ્વારા દબદબાભેર યોજવામાં આવ્યો હતો. આ શૌચાલયો પૈકીના ચાર શૌચાલયોની હાલત બદતર થઈ જતા નગરજનોને ન છૂટકે જાહેરમાં શૌચક્રિયા કરવા મજબૂર બન્યા છે. મોડાસાના મોટાભાગના શૌચાલયો જાણે દેશી દારૂ અને વિદેશી દારૂ પીવાના પીઠા બન્યા હોય તેમ નશાખોરો દ્વારા શૌચાલયોમાં જઈ શાંતિથી દેશીદારૂ અને વિદેશી દારૂ ગટગટાવી શૌચાલયની અંદરજ દેશી દારૂની પોટલીઓ અને વિદેશી દારૂની બોટલો નાખી દેતા





પોટલીઓ અને વિદેશી દારૂની બોટલો શૌચાલયમાં ઠેર ઠેર જોવા મળી હતી. જાહેર શૌચાલયોમાં યોગ્ય રીપેરીંગના અભાવે વાયરો તૂટેલા, લાઈટની સુવિધા વિહીન અને શૌચાલયના દરવાજા પણ તુટેલા અને ખખડધજ હાલતમાં જોવા મળે છે. શૌચાલયની અંદર અને બહાર સફાઈના અભવે ગંદકીના ઢગલા ખડકાઈ ગયેલા અને જાહેર શૌચાલયના પ્રવેશ દ્વારો પર ઝાડા ઝાંખરા ઉગી નીકતા તમામ શૌચાલયો બિન ઉપયોગી બની જતા જાહેર જનતાએ કુલ્લામાં શૌચક્રિયા કરવા જવુ પડે છે. મોડાસાના નગરજનો દ્વારા નગરપાલિકા તંત્ર દ્વારા શૌચાલયોનું મરામત અને ગંદકીના ઢગલાઓની તાબડતોડ સફાઈ કરવામાં આવે તેવી પ્રજાજનોની માંગ પ્રબળ બની છે.

મોડાસા શહેરના જાહેર શૌચાલયો દારૂડિયાઓનો અને અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો હોય તેવી સ્થિતિનું નિર્માણ ઉભુ થયુ છે. મોડાસા શહેરના જાહેર શૌચાલયો અસામાજીક તત્વોનો સતત અડીંગો જમાવી સૌચાલયો આગળ બેસી રહેતા મહિલાઓ અને યુવતિઓ જાહેર શૌચાલયનો ઉપયોગ કરવાનુ ટાળી રહી છે. તેમજ દારૂડીયા દ્વારા કરાતા બેફામ વાણી વિલાસથી ડરની લાગણી અનુભવી રહી છે.

# પ્રાંતિજ તાલુકાના ત્રણ શિક્ષકોનું સન્માન કરાયું

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ ગાંધીનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર દ્વારા પરિવાર દ્વારા ગુરૂવંદના પર્વ ૨૦૧૬ના ઉજવણીના ભાગરૂપે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ઈડર સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શાળાના કુલ-૪૨



સરકારના જ્ઞાન સપ્તાહ અંતર્ગત બે જિલ્લાના બેસ્ટ શિક્ષકોનો સન્માન સમારંભ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બન્ને જિલ્લા થઈને કુલ-૪૨ શિક્ષકોને બેસ્ટ શિક્ષક મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતુ.

ઈડર ખાતે આવેલ ડાયટ શિક્ષકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાંતિજના નવાબાકલપુર પ્રાથમિક શાળાના આચાર્ય રાવલ તપેન્દ્રભાઈ મંગળદાસ તથા કમાપુર પ્રાથમિક શાળાના શિક્ષિકા પટેલ સવિતાબેન ભોળાભાઈ તથા આસોડાના શિક્ષિકા સરોજબેનનું શાલ મેડલ અને પ્રમાણપત્ર આપી ડાયટ પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જ્યારે આ પ્રસંગે પ્રાચાર્ય કે.પી. પોસણીયા તથા ડૉ. મદનસિંહ ચૌહાણ સહિત ડાયટ પરિવારના સભ્યો શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. નિષાદ ઓઝા તથા મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યુંહતું.

## ટીંબાકંપામાંથી બાઈક ચોરાતા ફરિયાદ

હિંમતનગર તાલુકાના ટીંબાકંપા ગામના હરેશભાઈ ડાહ્યાભાઈ પટેલે ૩૧ ઓગષ્ટના રોજ પોતાના ઘર આગળ બાઈક નં.જીજે.૯.એકયુ.૭૮૨૦ રૂા.૨૫ હજારનું કિંમતનું બાઈક પાર્ક કર્યુ હતું. જે બાઈક કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા હરેશભાઈ ડાહ્યાભાઈ પટેલે બુધવારે બાઈક ચોરાયાની ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર સમાજ દ્વારા પર્યુષણ પર્વનું રંગેચંગે સમાપન

## તપસ્વીઓના પારણા : તપસ્વીઓ બગીઓ પર બિરાજમાન થઈને નગરયાત્રા નીકળી હતી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ



તેમજ સ્થાનકવાસી જૈન સમાજના લોકોએ પર્યુષણ મહા પર્વનું હર્ષોલ્લાસભેર સમાપન કર્યુ હતુ. જેમાં તપસ્વીઓએ પારણા કરીને પર્વ અંતર્ગત કરેલ તપ આરાધના પૂર્ણ કરી હતી. અને સૌને મીચ્છામી દુક્કડમ પાઠવ્યા હતા.

પ્રાંતિજ ખાતે રહેતા જૈન શ્વેતાંબર સમાજના ભાઈ-બહેનો હર્ષોલ્લાસ સાથે પર્યુષણ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પારણા બાદ તપસ્વીઓનો ભવ્ય વરઘોડો નિકળ્યો હતો. જેમાં તપસ્વી વેદાશી, શૈલ, નિલ, ધ્વનીબેન, રાગીણીબેન, મૌલીકભાઈ, સોનલબેન, નયનભાઈ સહિત અલગ અલગ બગીઓમાં



તપસ્વીઓને બીરાજમાન થઈને જૈન ઉપાશ્રય લાલ દરવાજાથી બજારચોક, હજામચોરા, ખોડીયાર કૂવા થઈને પ્રાંતિજના વિવિધ વિસ્તારોમાં શોભાયાત્રા નીકળી હતી. જેમાં અહિંસા પરમોધર્મ અને શ્રમાપનાના માર્ગ ઉપર ચાલનાર જૈન સમાજના લોકો પર્યુષણ પર્વ નિમિત્તે ભક્તિ ભાવનામાં તરબોળ બની ગયા હતા. જ્યારે ચર્તુરમાસ અંતર્ગત પધારેલા મહારાજ સાહેબો સહિત જૈન સમાજના આગેવાનો ભરતભાઈ ફળીયા, રાજુભાઈ શાહ, અરવિંદભાઈ કોઠારી, દિલીપભાઈ કોઠારી, બ્રિજેશભાઈ, પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા જૈન સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં શોભાયાત્રામાં જોડાયા હતા અને ગરબાની રમઝટ પણ શોભાયાત્રામાં જોવા મળી હતી અને હર્ષોલ્લાસ સાથે પર્યુષણની ઉજવણી કરવામાં આવી હતી.

# અરવલ્લી જિલ્લામાં પદયાત્રીઓની સુવિધા માટે જિલ્લા પંચાયત પ્રમુખની રજુઆત

અરવલ્લી, તા. ૭

આગામી સમયમાં અંબાજી ખાતે ભાદરવી પૂનમ નિમિત્તે મેળો થનાર છે. આ મેળામાં વડોદરા, પંચમહાલ, દાહોદ, મહીસાગર તેમજ દક્ષિણ ગુજરાતના તેમજ અરવલ્લી જિલ્લામાંથી લાખો પદયાત્રીઓ પગપાળા દ્વારા અરવલ્લી જિલ્લામાંથી પસાર થશે. આ પદયાત્રીઓને મુશ્કેલી ઓછી પડે તે માટે જિલ્લા પંચાયત અરવલ્લી દ્વારા વિસામાની લીંબુ પાણી તેમજ ચા-પાણી, નાસ્તો વિગેરે વ્યવસ્થાનું આયોજન કરવામાં આવશે. જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા વિવિધ સ્થળે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ અને દવા વિતરણની વ્યવસ્થા આપવામાં આવશે.

વધુમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેન્દ્ર પારધી દ્વારા કલેક્ટર અરવલ્લીને રજુઆત કરવામાં આવી છે કે, જ્યારે પદયાત્રીઓ અરવલ્લી જિલ્લામાંથી પસાર થાય ત્યારે તેઓને ટ્રાફીકની સમસ્યા ન થાય, જરૂર પડે પદયાત્રીઓને ચાલવા માટે વન-વે વ્યવસ્થા ઉભી થાય, પદયાત્રીઓની સલામતી મળી રહે, એમ્બ્યુલન્સ તેમજ ઈમરજન્સી સેવા સતત ઉપસ્થિત રહે તેમજ પોલીસતંત્ર દ્વારા જરૂરી કાયદો અને વ્યવસ્થા રાખવામાં આવે તેવી રજુઆત કલેક્ટરને કરવામાં આવી છે.

# હિંમતનગરમાં બંધ મકાનમાંથી ચોરી

હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ આનંદ એપાર્ટમેન્ટમાં મંગળવારે રાત્રે બંધ મકાનનું તાળુ તોડી તસ્કરોએ રૂા. ૬૫ હજારની મત્તાની ચોરી કરી લઈ જતા હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બુધવારે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે આનંદ એપાર્ટમેન્ટમાં રહેતા પિંકીબેન મહેશભાઈ રાવળના બંધ મકાનમાં મંગળવારે રાત્રિના સમયે તસ્કરોએ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી કબાટમાંથી સોનાની બુટ્ટી નંગ-૧ દોઢ તોલાની અને રોકડ રકમ રૂા.૩૦ હજાર મળી કુલ રૂા. ૬૫ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં બુધવારે ફરિયાદ નોંધાવી હતી.





## પાલનપુરમાં પર્યાવણ જતનના સંદેશ માટે ઈકો ફ્રેન્ડલી ગણેશની સ્થાપના

પાલનપુર શહેરના લક્ષ્મણ ટેકરી વિસ્તાર ખાતે લક્ષ્મણ ટેકરી યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવ સાથે પર્યાવરણની પણ જાળવણી થાય તે નેમ સાથે લક્ષ્મણ ટેકરીના રાજાની ઈકો ફ્રેન્ડલી નારિયેળના છોતરામાંથી બનેલી ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. પાલનપુર શહેરની એક માત્ર નારિયેળના છોતરામાંથી બનેલી ગણેશજીની મૂર્તિ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની છે. આ વિસ્તારમાં છેલ્લા આઠ વર્ષથી ગણપતિ મહોત્સવનું આયોજન કરી રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજવામાં આવે છે.

## કલરવમાં બાળકોનો વેશભૂષા કાર્યક્રમ યોજાયો

મોડાસા, તા. ૭

મોડાસાની કલરવ શિશુવિકાસ કેન્દ્રમાં સીની. કે.જી. બાળકોનો વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં નાના ભુલકાઓ વિવિધ વેશભૂષામાં સજ્જ થઈને આવ્યા હતા અને હાથમાં માઈક લઈને પોતાની સ્પીચ રજુ કરતા સમગ્ર શાળા પરિવારે આ ભુલકાઓને શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા. મોડાસાની કલરવ શિશુ વિકાસ કેન્દ્રમાં બાળકોનો વેશભૂષા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સીની. કે.જી.માં અભ્યાસ કરતા નાના ભુલકાઓ વિવિધ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈને આવ્યા હતા અને કાર્યક્રમ દરમિયાન હાથમાં માઈક લઈને પોતાની સ્પીચ રજુ કરી હતી. જેમાં ગણેશજી, શંકર ભગવાન, ફુગ્ગાવાળો, ભિખારી, ફૂલવાળી, શાકભાજીવાળી અને પોલીસના કિરદારમાં સિંગમ બનીને આવેલા નાના ભુલકાઓએ ભારે આકર્ષણ જમાવ્યું હતું. કાર્યક્રમના અંતે આચાર્ય ઈલાબેને આ બાળકોને ઈનામ વિતરણ કરી અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાંતિજ નજીક મોડી સાંજે જીપ સાથે ટકરાતા ગાયનું ઘટનાસ્થળે મોત

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના ચંચળબાનગર પાસે હિંમતનગરથી અમદાવાદ તરફ જતી જીપ સામે અચાનક ગાય આવી જતા જીપ ગાય સાથે ટક્કર મારી ડિવાઈડર સાથે ટકરાઈ હતી. જ્યારે ગાયનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે જીપમાં સવાર મુંબઈના જૈન સમાજના છ સભ્યોનો આબાદ બચાવ થયો હતો.

પ્રાંતિજના ચંચળબાનગર પાસે મોડી સાંજે હિંમતનગરથી અમદાવાદ ખાતે જતી જીપ નંબર જીજે-૦૯.એકસ.૬૩૬૬ નો ચાલક ફૂલફાસ્ટ જીપ હંકારી જઈ રહ્યો હતો તે સમયે પ્રાંતિજના ચંચળબાનગર પાસે અચાનક રોડ ઉપર ગાય આવી જતા ગાય સાથે ધડાકાભેર ટકરાઈને સાઈડમાં આવેલ ડીવાઈડર સાથે ટકરાતા જીપનું પાછળનું ટાયર ફાટી ગયુ હતુ અને જીપ ચાલકે સ્ટેરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ફરી ડીવાઈડર સાથે જીપ ટકરાઈ હતી.



જ્યારે ગાયનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. અને જીપચાલક સહિત જૈન સમાજના છ જૈન પરિવારના સભ્યોનો આબાદ બચાવ થયો હતો. તેઓ હિંમતનગર ખાતે રહેતા જૈન સમાજના તપસ્યા કરેલ તપસ્વીઓને સગાસંબંધીઓને મળીને પરત મુંબઈ જવા અમદાવાદ સુધી ભાડાની જીપમાં નિકળ્યા હતા અને પ્રાંતિજના ચંચળબાનગર નેશનલ હાઈવે ઉપર જીપની આગળ અચાનક ગાય આવી જતા અકસ્માતમાં ગાયનું કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. જ્યારે જૈન પરિવારના છ સભ્યોનો આબાદ બચાવ થયો છે.

# સી.એન. આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજ, કડી ખાતે ઓવરસીઝ એન્ડ કેરિયર ગાઈડન્સ સેમિનાર યોજાઈ ગયો

કડી, તા. ૭

શ્રી એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી.એન. આર્ટસ એન્ડ બી.ડી. કોમર્સ કોલેજમાં તા. ૩-૯-૨૦૧૬ શનિવારના રોજ આઈડીપી સંસ્થા અમદાવાદ દ્વારા વિદેશમાં અભ્યાસ માટે ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે 'ઓવરસીઝ એન્ડ કેરિયર ગાઈડન્સ' સેમિનાર યોજાઈ ગયો. જેમાં અમદાવાદની આઈડીપી સંસ્થામાંથી ઉપસ્થિત વક્તાશ્રીઓ મુકેશભાઈ નાગર તથા કુમારી નેન્સીએ પીપીટી દ્વારા વિદેશમાં અભ્યાસ માટે ઉત્સુક વિદ્યાર્થીઓને પાસપોર્ટ કઈ રીતે તૈયાર કરાવવો, વિઝા માટે ફાઈલ કઈ રીતે તૈયાર કરવી, વિદેશની કઈ કઈ યુનિવર્સિટીઓમાં કેવા કેવા ડીપ્લોમાં, ડીગ્રી, પી.જી.ના અભ્યાસક્રમો છે તે વિશે વિગતે વાત કરી હતી તથા જુદા જુદા દેશની વિવિધ યુનિ.ના વિવિધ અભ્યાસક્રમોની ફી તથા અભ્યાસ પછી નોકરીની તકો, બેન્ક બેલેન્સ વગેરેની વિસ્તૃત ચર્ચા કરી હતી તથા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

કાર્યક્રમના આરંભે કોલેજના પ્રિ. ડૉ. જી.ડી. ત્રિપાઠીએ ઉપસ્થિત મહેમાનશ્રીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતુ. તથા આવા સેમિનારનું કેટલુ મહત્વ હોય છે, તેની વિગતે વાત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહેસાણા જિલ્લા રોજગાર વિનિમય કચેરીના ડૉ. રોનકકુમાર પરમારે રોજગાર વિનિમય કચેરી દ્વારા કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા પ્રિ. ડૉ. જી.ડી. ત્રિપાઠીના માર્ગદર્શન હેઠળ પ્રો. રવિ રંગવાણી, પ્રો. જિજ્ઞેશ પટેલ તથા પ્રો. મિલન કડીકરે ખૂબ જ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે કોલેજના વા. પ્રિન્સીપાલ પ્રો. આઈ. બી. પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

# સમર્થ કોલેજના વિદ્યાર્થીઓએ પુંસરી ગામની મુલાકાત લીધી

સમર્થ ગૃપ ઓફ કોલેજીસના ડિગ્રી એન્જીનીયરીંગના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે વિલેજ વિઝીટનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં વિલેજ તરીકે તલોદ તાલુકાના પુંસરી ગામની પસંદગી કરવામાં આવી હતી. ગામડાઓ ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરે છે અને તેદ્વારા ગામનો સર્વાંગી વિકાસ કઈ રીતે થાય છે તે આ ગ્રામ પંચાયતમાં જોવા મળે છે. ગામના સરપંચ હિંમાશુ પટેલે ગ્રામ પંચાયતની સંપૂર્ણ માહિતી આપી હતી. ગામમાં ૪૨ સીસી ટીવી કેમેરા ઓબ્સર્વેસનમાં છે, ૩૦થી વધુ સ્પીકર લગાવેલા છે. જેના ઉપયોગથી સવાર અને સાંજે આરતી અને ભગવાનની સ્તુતિ થાય છે. ગામમાં વાઈફાઈની સુવિધા છે. વીજળી માટે આખા ગામમાંથી રોજનો કચરો ભેગો થાય છે અને તે કચરો બાયોવેસ્ટ પાવર પ્લાન્ટના ઉપયોગથી વીજળી પેદા કરી આખા ગામમાં સાંજે સ્ટ્રીટ લાઈટ ચલાવવામાં આવે છે. ગામના લોકો માટે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર, મોબાઈલ લાયબ્રેરી, હાઈટેક સ્કુલ, વોટર પ્લાન્ટ આ બધુ છોકરાઓને શીખવાડવામાં આવ્યુ હતું. મુલાકાતથી સમર્થ કેમ્પસના વિદ્યાર્થીઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા.